આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-25-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## P.M. – કેન્દ્રીય મંત્રી મંડળની બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં મેટ્રો, સ્માર્ટ સિટી, હવાઇમથક અને માર્ગ સહિતના અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા.. બેઠક પછી પત્રકારોને સંબોધતાં, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આર્થિક બાબતો અંગેની મંત્રીમંડળની સમિતિએ ટ્રાફિક ઘટાડવા અને લોકોને પરિવહન સુવિધાઓ પૂરી પાડવાના હેતુસર આજે 6 હજાર 798 કરોડ રૂપિયાના બે રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

RNU નેશનલ ન્યુઝ

---

RNU BHUJ

# વિદેશમંત્રી ડૉ. જયશંકર – બ્રિક્સ આઉટરીચ સત્ર

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રિક્સ પ્લસ ફોર્મેટમાં 16મી બ્રિક્સ સંમેલનને સંબોધતા કહ્યું, કે "અસરકારક રીતે સંઘર્ષ અને તણાવને દૂર કરવો એ આજે સમયની જરૂરિયાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક કહ્યું છે કે આ યુદ્ધનો યુગ નથી. વિવાદો અને મતભેદોને વાતચીત અને મુત્સદ્દીગીરી દ્વારા ઉકેલવા જોઈએ. એકવાર કરાર થઈ જાય, પછી તેઓનું પ્રમાણિકપણે સન્માન કરવું જોઈએ. "આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થવું જોઈએ અને આતંકવાદ માટે શૂન્ય સહિષ્ણુતા હોવી જોઈએ."

તેમણે મધ્ય પૂર્વ અને પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ભારતની સ્થિતિ પણ રજૂ કરી અને ભારપૂર્વક જણાવ્યું કે સંઘર્ષ અને તણાવને અસરકારક રીતે ઉકેલવો એ સમયની જરૂરિયાત છે. બ્રિક્સ બેઠક અને અમારું આઉટરીચ સત્ર એ સંદેશ છે કે વિશ્વ લાંબા સમયથી ચાલી રહેલા પડકારો પર નવેસરથી વિચાર કરવા તૈયાર છે. ડૉ. જયશંકરે પ્રધાનમંત્રીના પ્રતિનિધિ તરીકે રશિયન શહેર કઝાનમાં BRICS આઉટરીચ સત્રમાં હાજરી આપી હતી.

**RNU નેશનલ ન્યુઝ**

RNU BHUJ

---

# વિદ્યાર્થી પ્રવાસ અંગે સૂચનો જાહેર કરાયા

રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પ્રવાસ લઈ જતા પહેલા શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી પડશે. ઉપરાંત પ્રવાસની તારીખના 15 દિવસ પહેલા પ્રવાસ અંગેની જાણ સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – R.T.O અને સ્થાનિક પોલીસ મથકને કરવી પડશે. શાળામાં સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, વિકસિત સ્થળોએ પ્રવાસનું આયોજન કરવા શિક્ષણ વિભાગે માર્ગદર્શક સૂચનો જાહેર કર્યા છે.

આ સૂચનો અનુસાર, શાળાઓએ પ્રવાસના પ્રતિદિન કાર્યક્રમ અંગેની જાણ કરવી પડશે. તેમજ એક જવાબદાર અને અનુભવી વ્યક્તિની પ્રવાસના “કન્વીનર” તરીકે નિમણૂક કરવા અને આયોજન મુજબ જ મુસાફરી થાય તે સુનિશ્ચિત કરવું પડશે. ઉપરાંત પ્રવાસ દરમિયાન પ્રથમ સારવાર કિટ સાથે રાખવી અને ઋતુ પ્રમાણે પ્રવાસના સ્થળની પસંદગી કરવી પડશે. જ્યારે પ્રવાસ દરમિયાન જળાશયોમાં બોટિંગ કે રાઈડિંગ બને ત્યાં સુધી ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

## રાજ્યના પશુપાલન કૃષિમંત્રી આજે જિલ્લાની મુલાકાતે

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલ આજે કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ શહેરના પશુરોગ અન્વેષણ એકમનું લોકાર્પણ કરી રાજ્ય તેમજ કચ્છના શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર વિતરણ કરાશે. તેમજ પશુધન વસ્તી ગણતરીનો પ્રારંભ કરાવશે.

**N.P**

---

## જિલ્લામાં મધ્યમ સિંચાઈનો ડેમોની સ્થિત

જિલ્લામાં આ વર્ષે મેઘરાજાની મહેરને પગલે ડેમોમાં સારો એવો જળસંગ્રહ થયા બાદ હવે ચોમાસાની સતાવાર વિદાય સાથે ડેમોનું જળસ્તર ઘટવા લાગ્યું છે. પાણીનું બાષ્પીભવન થવા સહિતના કારણોને લીધે એક સહજ ઘટના હોવાનું મનાઈ રહ્યું છે. ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં થયેલ મેઘમહેરને પગલે મધ્યમ સિંચાઈના છલકાયેલા ડેમોની સંખ્યા વધવા સાથે મધ્યમ સિંચાઈના ડેમોમાં 36 ટકા અને નાની સિંચાઈના ડેમોમાં 40 ટકા જેટલો જળજથ્થો વધ્યો હતો. અને મધ્યમ સિંચાઈના ડેમોમાં 87 ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહિત થયો હતો. ત્યારે હાલની સ્થિતિએ જિલ્લામાં મધ્યમ સિંચાઈના ડેમોમાં 83 ટકા થયો જયારે 8 ડેમમાં પાણીનું પ્રમાણ ઓવરફ્લો સપાટીથી નીચે ઉતર્યું છે. મધ્યમ સિંચાઈના 20 ડેમોમાં 325.24 મિલિયન ક્યુબીક મીટરની કુલ જળસંગ્રહ ક્ષમતા સામે હાલે 269.88 મિલિયન ક્યુબીક મીટર પાણીનો જથ્થો સંગ્રહિત છે.

**N.P**

---

# પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ

જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિનો વ્યાપ વધે, ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ઉત્પાદનમાં વધારો થાય અને ખેડૂતોની આવક બમણી થાય તે માટે રાજ્ય સરકારની સૂચના અનુસાર પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ખેડૂતોને પ્રાકૃતિ કૃષિ અંગે માર્ગદર્શિત કરવા તાજેતરમાં ગઢશીશા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં અંદાજે 1000 જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિસંવાદમાં ખેડૂતોને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ હેઠળ ચાલતી મોડલ ફાર્મ, જીવામૃત- ઘનજીવામૃત યુનિટ જેવી યોજનાઓ વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

**મા.ખા.**

--------------------------------------------------------------------

RNU BHUJ